‘મેરા ગુજરાત કીસી ‘પંજા’ કે હાથ મેં જાને નહીં દેંગે’ : મુખ્યમંત્રી

ભાવનગર-રાજકોટ પછી ભૂજમાં યુવા શક્તિનો થનગનાટ : કચ્છના વિવેકાનંદ યુવા કેન્દ્રોને રમત-ગમત સાધનોનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ભૂજમાં વિવેકાનંદ યુવા પરિષદમાં ઉમટેલી કચ્છની યુવાશકિતનું અભિવાદન કરતાં બે મહતવની જાહેરાતો કરી હતી. રાજયના ઔદ્યોગિક એકમોમાં એપ્રેન્ટીસ તાલીમ લઈ રહેલા ૪૦,૦૦૦ જેટલા યુવા એપ્રેન્ટીસને હાલ મળતા માસિક રૂા. ૧૪૯૦ના માસિક સ્ટાઈપેન્ડમાં ગુજરાત સરકાર દ્વારા વિશેષ પ્રોત્સાહન રૂપે વધારાનું માસિક રૂા. ૧૫૦૦નું ઈન્સેન્ટીવ સ્ટાઈપેન્ડ આપવાની જાહેરાત તેમણે કરી હતી. જ્યારે ગુજરાતમાં પોતાના કૌશલ્યવર્ધનથી સ્વરોજગારના ધંધા વ્યવસાય માટે બેન્કેબલ યોજના હેઠળ બેન્ક લોન ધિરાણ મેળવવામાં પડતી મૂશ્કેલીઓનું નિવારણ કરવા અને સુગમતાથી આવી બેન્ક લોન મળી રહે તે માટે સ્વરોજગાર માટે યુવાનોના બેન્ક લોન માટેના પ્રોજેકટ અંગે રાજ્ય સરકાર ગેરન્ટર બનશે એવી જાહેરાત પણ તેમણે કરી હતી.

ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગના ઉપકમે વિવેકાનંદની દોઢસોમી જયંતીના વર્ષમાં રાજયમાં સાત જેટલી વિવેકાનંદ યુવા પરિષદોનું આયોજન કરવામાં આવેલું છે. આ અગાઉ ભાવનગર અને રાજકોટમાં યુવા પરિષદોની સફળતાના પગલે આજે ભૂજમાં કચ્છની યુવા પરિષદ યોજાઈ હતી. જેમાં નવરચિત વિવેકાનંદ યુવા કેન્દ્રોને રમત-ગમતના સાધનોના કીટ સેટનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. ગુજરાતના વરિષ્ઠ સાંસદ અને કેન્દ્રીય આગેવાન શ્રી એલ. કે. અડવાણી પણ આ અવસરે ખાસ ઉપસ્થિત રહયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે હિન્દુસ્તાનના પ્રત્યેક યુવાનના દીલમાં કોઈને કોઈ પ્રગતિ કરવાની શકિતને અવસર મળે તેવી તમન્ના હોય છે યુવાનોમાં સમાજ માટે કંઈક કરી છૂટવાની આ પ્રતિબધ્ધતાને ગુજરાત સરકારે વિવેકાનંદ યુવા કેન્દ્રોના નેટવર્કથી બળ આપવાનો ઈરાદો જાહેર કર્યો કે તુરત ૧૪૦૦૦ જેટલા સ્થળોએ સ્વયંપ્રેરણાથી યુવાનોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી લીધું, આ બતાવે છે કે વિવેકાનંદ પ્રત્યે આજે પણ યુવાનોમાં પરમ શ્રધ્ધા છે.

કેટલાક લોકોને મોદી વિવેકાનંદયાત્રા લઈને નીકળ્યા તે ખૂંચે છે પરંતુ જેમને જે મહાન લાગે તેને લઈને તેમના પગલે ચાલે એમાં વાંધો શું છે? એવો માર્મિક કટાક્ષ કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે તમને જે મહાન લાગે છે તેને લઈને તમે આગળ ચાલો, અમને વિવેકાનંદ મહાન લાગે છે તેથી અમે વિવેકાનંદના પગલે ચાલીએ છીએ. ઈતિહાસમાં વિવેકાનંદની ૯/૧૧ની ૧૮૯૩ની વિશ્વ સંસ્કૃતિ અને ૨૦૦૧માં બિનલાદેનની ૯/૧૧ની અમેરિકાની વિકૃતિનો આતંકવાદ - આ બેમાંથી અમે પસંદ કર્યા છે વિવેકાનંદને. આજે દેશની દુર્દશા સામે યુવા આક્રોશનો અવસર છે અને સ્વામિ વિવેકાનંદના પગલે ગુજરાતે યુવા વિકાસયાત્રાનું અભિયાન કરીને દેશમાં કોંગ્રેસે કેટલી હદે ગિરાવટ લાવી દીધી છે તેની સામે ગુજરાતની યુવાશકિતએ અભિયાન ઉપાડયું છે અને વિવેકાનંદના આદર્શ એમની સામે ગુજરાત સરકારે મૂકયા છે એમ તેમણે જણાવ્યું હતું.

રાજભવન વસાહત યુવક મંડળ દ્વારા ગણેશોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજી ગણેશોત્સવના પાવન પર્વે ગઈકાલે રાજભવન વસાહત યુવક મંડળ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશની વિધિવત્ પૂજા-અર્ચના કરી હતી.

શબ્દાવલી - ૪૮૪૯



આડી ચાવી

૧. કૃપા, દયા (૩)
૩. બહુ લખલખ કર્યા કરે તેવું (૪)
૬. હવન, યજ્ઞ (૨)
૭. ડંખ, સાપ... મારે (૨)
૮. રઘુ, રાઘવ (૨)
૯. સવાર, પરોઢ (૫)
૧૧. જાનવરને ચારામાં અપાતું ઘાસ (૩)
૧૨. બે પાંખીયાવાળું કાપવાનું સાધન (૩)
૧૪. એરિયા, જગ્યાનું માપ (૩)
૧૫. વિજય, સફળતા (૨)
૧૬. ‘રૂમ’નું ઊંધું (૨)
૧૭. વિમો ઉતારનાર... કંપની (૩)
૧૮. રાણીની દાસી (૪)
૨૦. કાણ... (૩)
૨૧. ભીખનો વાટકો (૩)

ઊભી ચાવી

૧. સિક્કો, છાપ (૩)
૨. સોનું (૨)
૩. ‘ફસલ’ શબ્દ ઊંધો (૩)
૪. ટીખળ (૪)
૫. કાગળ (૨૦ ઘા) (૨)
૭. ડંકો (નાનકડું લાકડું) (૩)
૯. છીંકણી (૩)
૧૦. નાકાવેરો (૩)
૧૧. રોડ (૨)
૧૩. આનંદ માણતું (૪)
૧૪. વિનંતી (૪)
૧૫. એક મસાલો (૨)
૧૬. મોતી, કરોડનો... (૩)
૧૭. વધવું, ... થવો (૩)
૧૯. ભીડ, એક કલર (૨)

શબ્દાવલી ૪૮૪૮ના જવાબ

આડી ચાવી :- (૧) લથડબથડ (૬) ગપાટા (૭) રોપ-વે (૧૦) ટણપો (૧૨) ડગર (૧૩) રઘુ (૧૪) મકાન (૧૫) ગોરસ (૧૭) ડર (૧૮) આરસ (૨૦) ઘડીમ (૨૧) બાન (૨૨) લફરા (૨૩) ટીનેજર

ઊભી ચાવી :- (૧) લવારો (૨) પગ (૩) થપાટ (૪) ડટાણ (૫) નાઝ (૮) પડકાર (૯) વેંગન (૧૧) પોરસ (૧૪) મડદાલ (૧૫) ગોરમેટી (૧૬) રસ (૧૮) આડી (૧૯) વાનર (૨૦) ધરા (૨૧) બાજ

ગ્રામ ભારતી પાસે બોર પરથી કેબલ ચોરનાર ઝડપાયો

માણસા, તા. ૨૧

માણસા પાસેના ગ્રામભારતીની સીમમાં આવેલ બોરકૂવા પર ગત રાત્રિએ રીક્ષામાં આવેલ ચાર કેબલ ચોરોએ નવ હજારની કિંમતનો કેબલ તથા મોબાઈલ ફોનની ચોરી કરી ભાગ્યા હતા. પરંતુ ખેડૂત અને ગ્રામજનોએ એક ચોરને પકડી પોલીસ હવાલે કર્યો હતો.

માણસા તાલુકાના ગ્રામભારતી ગામના જીઈબી પાસે આવેલ ઠાકોર મુકેશજી શકરાજીના બોર કૂવા ઉપર ગત રાત્રિએ અજાણ્યા ચોર ઈસમો કેબલ ચોરી કરવાના ઈરાદે આવ્યા હતા અને અહીં આવી આશરે ૫૫ ફુટ લાંબો વાયર રૂપિયા નવ હજારની કિંમતનો કેબલ અને ત્યાં પડેલ રૂપિયા એક હજારની કિંમતનો મોબાઈલ ફોન લઈ ફરાર થઈ ગયા હતા જયારે ખેતરમાં કામ કરનાર મજૂરને વહેલી પરોઢે જાણ થતાં તેણે બોર માલિકને જાઈ કરી આજુબાજુ શોધ ખોળ કરતાં રીક્ષામાં આવેલ આ ચાર કેબલ ચોરો નજરે ચઢતાં તેમને પકડવાની કોશિષ કરતાં ત્રણ રિક્ષા લઈને ભાગી છૂટયા હતા જે પૈકી ચોથો ચોર ખેરવા ગામનો અને હાલ મોટા ચિલોડા ખાતે રહેતો રાજુજી પીજુજી ઠાકોરને લોકોએ મુદ્દામાલ સાથે ઝડપી માણસા પોલીસને સોંપ્યો હતો. જે બાબતે એ.એસ.આઈ. વિક્રમસિંહ ભાટીએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગણપતી બાપા મોર્યા ઘી માં લાડુ ચોર્યા ....દેવા હો...દેવા..ગણપતિ દેવા.... ના ભકતી માય ગીતો સાથે આજે બાયડ શહેર માં જુનીગામ માં આવેલ જય અંબે માઈ મંડળ ચોક અને બાયડ ગા દરજી વાળી ફળી માં આવેલ ગણપતી બાપા ની મુર્તી નુ વિર્સજન કરવામાં આવ્યુ હતુ આ વિર્સજન માં મોટી સંખ્યા માં યુવક યુવછતીઓ તથા મોટેરાઓ પણ જોડાયા હતા જયારે બાયડ ગામમાં થી બપોરે ૧૧ વાગ્યા ના સુમારે ગણપતિ બાપા ને રથ માં બેસાડી બાયડ ગામ મમાં થી વૃદાવન સોસાયટી ગાબટ રોડ બાયડ બસ સ્ટેશન વિસ્તાર થઈ વાત્રક ખાતે આવેલ વાત્રક નદી માં ગણપતી બાપા ની મર્તી નુ વિર્સજન કરવામાં આવયુહતુ આ વિર્સજન વખતને યુવાનો રોકસ્ટાર ડી.જે.સાઉનડ બાયડ ના તાલે ધકતીમય વાતાવરણ માં ઝુમી ઉઠયા હતા અને હર્ષો ઉલ્લાસ સાથે ગણપતીબાપા ની મુર્તી નુ વીર્સજન કરવામાં આવ્યુ હતુ. (તસવીર : સમીર બલોચ, બાયડ)

ફેવરીટ પ્લેસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પાણીનો ભરાવો ડેન્ગ્યુ અને મેલેરિયાના મચ્છરો માટે જવાબદાર બને છે. વર્ષ ૧૯૯૬-૯૮ દરમિયાન દિલ્હીમાં વાહકજન્ય રોગચાળો બેકાબુ બન્યો ત્યારે જયારે એરકુલરોમાં મોટા પ્રમાણમાં મચ્છરોના બર્થ પ્લેસ મળી આવ્યા હતા. સામાન્ય રીતે પક્ષીકુંજ, ફ્રીઝની ટ્રે, ટાયર, નાળિયેર, ડિસ્પોઝીબલ ગ્લાસ, પાણીની ટાંકી અને ખુલ્લા હવાડામાં મચ્છરોની ઉત્પત્તિનું મુખ્યસ્થાન મનાય છે. તેમાંય ડેન્ગ્યુના મચ્છરો માત્ર એક ચમચી ચોખ્ખા પાણીમાંથી પોતાનું અસ્તિત્વ ઉભું કરે છે. દિવસ દરમિયાન બાઈટ કરતા ડેન્ગ્યુના એડીસ મચ્છરો જયાં ઈંડા મુકે તે જગ્યાને ઘસીને સાફ કરવામાં ન આવે તો ત્રણ વર્ષ સુધી તેમાંથી મચ્છરોનો ઉપદ્રવ થવાની સંભાવના હોય છે. ડેન્ગ્યુના મચ્છરો ટાઈગર મોસ્કીટો તરીકે પણ ઓળખાય છે. મેલેરીયાના મચ્છરો એનોફીલીસ વહેલી સવારે અને મોડી સાંજના સમયે ઘરમાં આવે છે. આ મચ્છરો ૩ કી.મી. સુધી ઉડી શકે છે જયારે કરડયા પછી તેમની ઉડવાની ક્ષમતા ૨ કી.મી. ઘટી જાય છે. મચ્છરોને ડામવા ફોગીગની પ્રક્રીયા થોડીવાર માટે જ અસરકારક હોવાથી આમ નાગરિકો મચ્છરોના સ્થાનકોને ઉગતા ડામવા વધુ સજાગ બને તે અનિવાર્ય બન્યું છે.

હાલ શહેરમાં મચ્છરોની ઉત્પત્તિની દૃષ્ટિએ સે-૩૦, સે-૧૩, છાપરા, ચરેડી છાપરા સે-૧૨ સિવિલ કેમ્પસ, સરગાસણ, સુઘડ તેમજ કલોલ તાલુકાના હાજીપુર, રાંચરડા સહિતના વિસ્તારો સંવેદનશીલ હોવાનું ધ્યાને આવ્યું છે. મચ્છરો માટેના ફેવરેબલ વાતાવરણના લીધે રોજબરોજ નવા મચ્છર ઉત્પત્તિ સ્થાનો મળી આવે છે. શહેરમાં બંધ સરકારી આવાસો આમ પણ રહીશો માટે જોખમી બન્યા છે ત્યારે મચ્છરોની ઉત્પત્તિને લઈ રોગચાળા માટે પણ ભયજનક હોવાની સ્થિતિનું નિર્માણ થયું છે. શહેરની કન્સ્ટ્રકશન સાઈટો પણ મચ્છરો માટે આશીર્વાદરૂપ બની છે. વાહકજન્ય રોગચાળાનો ખતરો જંબુળી રહ્યો છે ત્યારે મચ્છરોનો ઉપદ્રવ ડામવા તંત્રની અસરકારક કામગીરીની સાથે લોકજાગૃતિ કેળવાય તે બાબત પણ મુખ્ય બની છે.